ટ્રાફિક સેલ/પ્રથમ અપીલ/હુકમ/ આ.નં./ ૨૧
તા.૩૧/૦૫/૨૦૧૭

અરજદારઃ
શ્રી અજય જાંગીડ

સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ટ્રાફિક સેલ.

ફરીયાદની હકીકતઃ

**વિષયઃ** અરજદારશ્રી અજય જાંગીડ, ધ્વારા આર.ટી.આઈ એકટ અંતર્ગતની, આઈ.ડી.નં. ૬૮, તા.૨૦/૦૩/૨૦૧૭ ની અરજીથી મુદા નં (૧) SMC પાસે સુરત પોલીસ દ્વારા પીળા પટ્ટા / રિક્ષા સ્ટેન્ડ માટે બહાર પાડવામાં આવેલ તમામ જાહેરનામાની નકલ આપશો. (૨) પીળા પટ્ટા / રિક્ષા સ્ટેન્ડ માટે જાહેરનામા પ્રસિધ્ધ કરવાની સત્તા કોને પાસે છે? તે નિયમની નકલ આપશો (૩) સંકલન મીટીંગમાં પીળા પટ્ટા / રિક્ષા સ્ટેન્ડ તથા અન્ય વિષય પર થયેલ ચર્ચાના MOM ની ખરી નકલ આપશો.(૪) સુરત પોલીસનેપીળા પટ્ટા / રિક્ષા સ્ટેન્ડ માટે લખેલા તમામ પત્ર અને તેના જવાબની નકલ આપશો.(૫) અત્યારે સુરત મહાનગરપાલિકા પીળા પટ્ટા / રિક્ષા સ્ટેન્ડ માટે કયા જાહેરનામાને અનુસરણ કરે છે તેની નકલ આપશો. (૬) પીળા પટ્ટા / રિક્ષા સ્ટેન્ડ વિષય પર આવેલ પાછલા ત્રણ વર્ષમાં સમાચાર પત્રની નકલ તેમજ સમાચાર પત્રના સમાચાર આધારે આપવામાં આવેલ રદિયો અથવા કાર્યવાહીની નકલ આપશો.

| | | |
|---|---|---|
| **સંદર્ભ :–** | (૧) | અરજદારની આઈ.ડી.નં.૬૮, તા. ૨૦/૦૩/૨૦૧૭ નાં રોજની મૂળ અરજી. |
| | (૨) | જાહેર માહિતી અધિકારી મદદનીશ પોલીશ કમિશ્નર,ટ્રાફિક શાખા નો પત્ર નં.૧૮૨૭, તા.૧૩/૦૪/૧૭ થી તબદીલ થઈને પરત આવેલ |
| | (૩) | અરજદારની તા.૦૫/૦૫/૨૦૧૭ ના રોજની પ્રથમ અપીલ અરજી. |
| | (૪) | જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા અરજદારને પાઠવેલ જવાબનો પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૨૪૩૩ તા. ૩૧/૦૩/૨૦૧૭ |
| | (૫) | જાહેર માહિતી અધિકારી મદદનીશ પોલીશ કમિશ્નર,ટ્રાફિક શાખાને તબદીલ કરેલ અરજીનો પત્ર નં. ટ્રાફિક સેલ આઉટ વર્ડ/ ૨૪૩૪, તા. ૩૧/૦૩/૭ |
| | (૬) | જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા અરજદારને પાઠવેલ જવાબનો પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/ ૦૮, તા. ૦૧/૦૫/૧૭ |
| | (૭) | અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર ધ્વારા અરજદારને અપીલની સુનાવણી માટે બોલાવેલ પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૧૦, તા.૧૦/૦૫/૨૦૧૭ |

અરજદાર શ્રી અજય જાંગીડ, ધ્વારા આર.ટી.આઈ એકટ અંતર્ગતની, આઈ.ડી.નં.–૬૮, તા.૨૦/૦૩/૨૦૧૭ ની અરજી મુદા નં (૧) SMC પાસે સુરત પોલીસ દ્વારા પીળા પટ્ટા / રિક્ષા સ્ટેન્ડ માટે બહાર પાડવામાં આવેલ તમામ જાહેરનામાની નકલ આપશો. (૨) પીળા પટ્ટા / રિક્ષા સ્ટેન્ડ માટે જાહેરનામા પ્રસિધ્ધ કરવાની સત્તા કોને પાસે છે? તે નિયમની નકલ આપશો (૩) સંકલન મીટીંગમાં પીળા પટ્ટા / રિક્ષા સ્ટેન્ડ તથા અન્ય વિષય પર થયેલ ચર્ચાના MOM ની ખરી નકલ આપશો.(૪) સુરત પોલીસનેપીળા પટ્ટા / રિક્ષા સ્ટેન્ડ માટે લખેલા તમામ પત્ર અને તેના જવાબની નકલ આપશો.(૫) અત્યારે સુરત મહાનગરપાલિકા પીળા પટ્ટા / રિક્ષા સ્ટેન્ડ માટે કયા જાહેરનામાને અનુસરણ કરે છે તેની નકલ આપશો. (૬) પીળા પટ્ટા / રિક્ષા સ્ટેન્ડ વિષય પર આવેલ પાછલા ત્રણ વર્ષમાં સમાચાર પત્રની નકલ તેમજ સમાચાર પત્રના સમાચાર આધારે આપવામાં આવેલ રદિયો અથવા કાર્યવાહીની નકલ આપશો. જે પૈકી મુદા નં–૫ ની માહિતી નિયત સમય મર્યાદામાં ન મળેલ હોવાનું જણાવી નારાજ થઈ તા.૦૧/૦૫/૨૦૧૭ ના રોજ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ.

અરજદારની મૂળ અરજીના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા અરજદારને મુદા નં.–૫ ની માહિતી અત્રેની કચેરીના પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં / ૦૮, તા. ૦૧/૦૫/૧૭ નાં રોજથી સમય મર્યાદા બાદ પૂરી પાડવામાં આવેલ છે.

અપીલ અરજીના સંદર્ભમાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૧૦, તા.૧૦/૦૫/૨૦૧૭ થી અરજદારને તા.૧૯/૦૫/૨૦૧૭ ના રોજ એપેલેટ અધિકારી, ટ્રાફિક સેલ સમક્ષ રૂબરૂમાં સુનાવણી માટે ૧૧.૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદાર શ્રી અજય જાંગીડ હાજર રહેલ ન હતા તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર હાજર રહેલ હતા.

**અરજદારની રજુઆત :–** અરજદાર હાજર રહેલ નથી.

**જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરની રજુઆતઃ–** અરજદારને માંગવામાં આવેલ માહિતી બાબતે પત્ર નં ટ્રાફિક સેલ આઉટ વર્ડ નં / ૨૪૩૩, તા.૩૧/૦૩/૨૦૧૭ થી જવાબ પૂરો પાડવામાં આવેલ છે.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, અપીલ તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.:–

અરજદારની આઈ.ડી.નં.૬૮ તા.૨૦/૦૩/૨૦૧૭ નાં રોજની અરજી અન્વયે પ્રથમ અપીલ નં.–૧, તા. ૦૫/૦૫/૨૦૧૭ કરવામાં આવેલ, અરજદારની મૂળ અરજીનાં સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા પત્ર નં ટ્રાફિક સેલ આઉટ વર્ડ નં / ૨૪૩૩, તા.૩૧/૦૩/૨૦૧૭ થી અરજદારને જવાબ પાઠવવામાં આવેલ છે અને પત્ર નં. ટ્રાફિક સેલ/ આઉટ વર્ડ નં./૨૪૩૪, તા.૩૧/૦૩/૧૭ થી જાહેર માહિતી અધિકારી અને મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક શાખાને મુદા નં–૨ અને ૫ અંગે અરજી તબદીલ કરવામાં આવેલ. તેમજ જાહેર માહિતી અધિકારી અને મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક શાખાનો પત્રનં–૧૮૨૭, તા.૧૩/૦૪/૧૭ થી તબદીલ થઈને મુદા નં–૫ અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ટ્રાફિક સેલ ને આપવા જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા ટ્રાફિક સેલ પત્રનં/આઉટ વર્ડ/૦૮, તા.૦૧/૦૫/૧૭ નાં રોજ મુદા નં.–૫ નો જવાબ પાઠવેલ. સદર બાબતે અગાઉ આપેલ જવાબમાં મુદા નં–૫ નો જવાબ આપી શકાય તેમ હોવા છતાં જાહેર માહિતી અધિકારી તરફથી તે બાબતે ફરજ પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવેલ હોવાનું જણાયેલ છે. જેથી સદરહુ બાબતનું ભવિષ્યમાં ફરીથી પુનરાવર્તન ન થાય તે બાબતે જાહેર માહિતી અધિકારીને તકેદારી રાખવા તાકીદ કરવામાં આવે છે. તેમજ અરજદાર અરજી અન્વયે નિયમાનુસાર રેકર્ડ ચકાસણી કરવા સ્વતંત્ર છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, મુખ્ય માહિતી કમિશ્નર, ગુજરાત રાજય માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજયકક્ષાની કચેરીઓ, બ્લોક નં.–૧, બીજો માળ, નિર્માણભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

(જે.એમ.દેસાઈ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેરશ્રી
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા

તા.૨૧/૦૬/૨૦૧૭

અરજદારઃ
શ્રી આશિદ એ. લઘડ
સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ટ્રાફિક સેલ.
ફરીયાદની હકીકતઃ

**વિષયઃ** અરજદાર શ્રી આશિદ એ. લઘડ, ધ્વારા આર.ટી.આઈ એકટ અંતર્ગતની, આઈ.ડી.નં. ૧૦૦, તા.૧૯/૦૪/૨૦૧૭ ની અરજીથી મુદા નં (૧) દિલ્હી ગેટ ઓવર બ્રીજ નીચે આવેલ પે એન્ડ પાર્કનો ઈજારો કઈ કંપનીને આપેલ છે અને તેની પાસે SMC ના ધારા ધોરણ મુજબ કયા કયા ડોકયુમેન્ટ છે? જો હોય તો તેની માહિતી આપશો.(૨) પે એન્ડ પાર્કનો ઈજારો આપેલ છે, કેટલા ટેન્ડર પાસ થયેલ છે અને કેટલા વર્ષ સુધીનો છે તેની માહિતી આપશો અને કયાંથી કયા સુધીનો સમયગાળાના આપ્યા છે તેની માહિતી આપશો.(૩)દિલ્હી ગેટ ઓવર બ્રીજ નીચે જે બૂટ ચંપલ બજાર ( ચોર બજાર) ભરાય છે તે પાર્કીગ પ્રિમાઈસીસ આવે છે? જો આવતી હોય તો તે SMC ને ભાડું ચૂકવે છે? જો ભાડુ ચૂકવતો હોય તો કેટલુ ભાડુ આપવામાં આવે છે તેની માહિતી આપશો.(૪) આ ટેન્ડર બહાર પડયું અને આ કંપની ને કઈ તારીખથી આપવામાં આવ્યું તેની માહિતી આપશો.તેની ટેન્ડરની કોપી, ઝેરોક્ષ આપશો. આ માહિતીને લગતી સુપૂર્ણ માહિતી આપશો.

**સંદર્ભ :–** (૧) અરજદારની આઈ.ડી.નં.૧૦૦, તા.૧૯/૦૪/૨૦૧૭ નાં રોજની મૂળ અરજી.
(૨) જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા અરજદારને પાઠવેલ જવાબનો પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૧૪, તા. ૧૧/૦૫/૨૦૧૭
(૩) અરજદારની તા.૨૩/૦૫/૨૦૧૭ ના રોજની પ્રથમ અપીલ અરજી .
(૪) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર ધ્વારા અરજદારને અપીલની સુનાવણી માટે બોલાવેલ પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૨૩, તા.૦૬/૦૬/૨૦૧૭

અરજદારશ્રી આશિફ એ. લઘડ, ધ્વારા આર.ટી.આઈ એકટ અંતર્ગતની, આઈ.ડી.નં. ૧૦૦, તા.૧૯/૦૪/૨૦૧૭ ની અરજીથી મુદા નં (૧) દિલ્હી ગેટ ઓવર બ્રીજ નીચે આવેલ પે એન્ડ પાર્કનો ઈજારો કઈ કંપનીને આપેલ છે અને તેની પાસે SMC ના ધારા ધોરણ મુજબ કયા કયા ડોકયુમેન્ટ છે? જો હોય તો તેની માહિતી આપશો.(૨) પે એન્ડ પાર્કનો ઈજારો આપેલ છે, કેટલા ટેન્ડર પાસ થયેલ છે અને કેટલા વર્ષ સુધીનો છે તેની માહિતી આપશો અને કયાંથી કયા સુધીનો સમયગાળાના આપ્યા છે તેની માહિતી આપશો.(૩)દિલ્હી ગેટ ઓવર બ્રીજ નીચે જે બૂટ ચંપલ બજાર ( ચોર બજાર) ભરાય છે તે પાર્કીગ પ્રિમાઈસીસ આવે છે? જો આવતી હોય તો તે SMC ને ભાડું ચૂકવે છે? જો ભાડુ ચૂકવતો હોય તો કેટલુ ભાડુ આપવામાં આવે છે તેની માહિતી આપશો.(૪) આ ટેન્ડર બહાર પડયું અને આ કંપની ને કઈ તારીખથી આપવામાં આવ્યું તેની માહિતી આપશો.તેની ટેન્ડરની કોપી, ઝેરોક્ષ આપશો. આ માહિતીને લગતી સુપૂર્ણ માહિતી આપશો.જે માહિતી નિયત સમય મર્યાદામાં ન મળેલ હોવાનું જણાવી નારાજ થઈ તા.૦૧/૦૫/૨૦૧૭ ના રોજ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ.

અરજદારની મૂળ અરજીના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર (ટ્રાફિક સેલ) ધ્વારા અરજદારને અત્રેની કચેરીના પત્ર નં ટ્રાફિક સેલ/આરટીઆઈ/ આઉટવર્ડ નં / ૧૪, તા. ૧૧/૦૫/૧૭ નાં રોજ સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ.

અપીલ અરજીના સંદર્ભમાં અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (ટ્રાફિક સેલ) ધ્વારા પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૨૩, તા.૦૬/૦૬/૨૦૧૭ થી અરજદારને તા.૧૬/૦૬/૨૦૧૭ ના રોજ એપેલેટ અધિકારીશ્રી, ટ્રાફિક સેલ સમક્ષ રૂબરૂમાં સુનાવણી માટે ૧૧.૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદાર શ્રી આસિફ એ. લઘડ હાજર રહેલ ન હતા તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર હાજર રહેલ હતા.

**અરજદારની રજુઆત :–** અરજદાર હાજર રહેલ નથી.

**જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરની રજુઆતઃ–** અરજદારને માંગવામાં આવેલ માહિતી બાબતે પત્ર નં ટ્રાફિક સેલ/આરટીઆઈ/ આઉટવર્ડ નં / ૧૪, તા. ૧૧/૦૫/૧૭ નાં રોજ સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદા નં–૧ અને ૨ ની અધુરી માહિતી મુદા નં–૪ માં જણાવવામાં આવેલ છે અને મુદા નં–૩ અને ૪ ની માહિતી આપેલ છે.

# <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, અપીલ તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.:–

અરજદારશ્રી આસિફ એ.લઘડની માહિતી માંગતી આઈ.ડી. અરજી નં–૧૦૦, તા.૧૯/૦૪/૨૦૧૭ નાં અન્વયે અરજદારને તેમની માંગણી મુજબની માહિતી ઉપલબ્ધ રેકર્ડ મુજબ નિયત સમય મર્યાદામાં પૂરી પાડેલ છે. જેનાથી નારાજ થઈને અરજદાર ધ્વારા અરજી અન્વયે પ્રથમ અપીલ નં તા. ૨૩/૦૫/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ, અરજદારની મૂળ અરજી નાં સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા ટ્રાફિક સેલ પત્ર નં /આર.ટી.આઈ./આઉટ વર્ડ નં / ૧૪, તા.૧૧/૦૫/૨૦૧૭ થી સમય મર્યાદામાં અરજદારને જવાબ પાઠવવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા માહિતી સમય મર્યાદામાં પૂરી પાડેલ હોવાનું જણાય છે. વધુમાં અરજદારને તા. ૧૬/૦૬/૨૦૧૭ નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે અપીલ અધિકારી સમક્ષ રજુઆત તથા તેમનો પક્ષ સાંભળવા મૂળ અરજીની નકલ સાથે ઉપસ્થિત રહેવા જણાવેલ પરંતુ અરજદાર હાજર રહેલ ન હતાં. માંગેલ અરજી અન્વયે મુદા નં–૧ અને ૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા અરજદારને સ્પષ્ટ અને વિગતવાર આપવામાં આવેલ નથી જેથી આ બાબતનું ભવિષ્યમાં ફરીથી પુનરાવર્તન ન થાય તેની તકેદારી રાખવા જાહેર માહિતી અધિકારીને તાકીદ કરવામાં આવે છે. તેમજ મુદા નં–૩ અંગેની માહિતી અરજદાર સમજી શકે તેવી સ્પષ્ટ અને સરળ ભાષામાં આપવા જાહેર માહિતી અધિકારીને તાકીદ કરવામાં આવે છે.મુદા નં–૪ ની માહિતી મેળવવા જાહેર માહિતી અધિકારી ધ્વારા પૈસા ભરવા જણાવેલ જે અંગે અરજદાર ધ્વારા પૈસા ભર્યાની કોઈ વિગત રજુ કરેલ નથી. તેથી અરજી ધ્વારા માંગવામાં આવેલ માહિતી જરૂરી ફી ભરીને મેળવવા માટે અરજદાર સ્વતંત્ર છે.

જો અરજદારને માહિતીથી અસંતોષ હોય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯ ના પેટા નિયમ–(૧) હેઠળ અપીલ સત્તાધિકારીનો હુકમ મળ્યાની તારીખ થી ૯૦ (નેંવુ) દિવસની અંદર અપીલ સત્તાધિકારી , મુખ્ય માહિતી કમિશ્નર, ગુજરાત રાજય માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજયકક્ષાની કચેરીઓ, બ્લોક નં.–૧, બીજો માળ, નિર્માણભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને બીજી અપીલ કરી શકશે. આ સાથે અરજદાર શ્રી આશિદ એ. લઘડની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

(જે.એમ.દેસાઈ)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેરશ્રી
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

# સુરત મહાનગરપાલિકા

ટ્રાફિક સેલ આર.ટી.આઈ./પ્રથમઅપીલ/આ.નં.
તા.૨૦/૦૭/૨૦૧૭

અરજદાર :– શ્રી મુકેશ ગણપતલાલ રાણા
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ટ્રાફિક સેલ

ફરિયાદની હકીકત :–

વિષય :– માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ શ્રી મુકેશ ગણપતલાલ રાણાની આઈડી અરજી નં.૧૦૪, તા.૧૯/૦૪/૧૭ અન્વયે કરેલ પ્રથમ અપીલ અરજી બાબત.

સંદર્ભ :– (૧) અરજદાર મજકુરની આઈડી અરજી નં.૧૦૪, તા.૧૯/૦૪/૨૦૧૭.
(૨)એકઝી.આસી. અને જાહેર માહિતી અધિકારી નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આરટીઆઈ/આ.નં. ૧૦૪, તા.૨૦/૦૪/૨૦૧૭.
(૩) ટ્રાફિક સેલ/આરટીઆઈ/ઈ.નં.૧૬, તા.૨૪/૦૪/૨૦૧૭.
(૪) અત્રેના ખાતાના પત્ર નં. ટ્રાફિક સેલ / આરટીઆઈ / આ.નં.–૧૨, તા.૧૧/૦૫/૨૦૧૭.
(૫) અરજદાર મજકુરની કમિશ્નરશ્રીને ઉદ્દેશીને કરેલ પ્રથમ અપીલ અરજી મધ્યસ્થ કચેરી નં.સીસીસી/સીઝેડ/ આ.નં.૬૧, તા.૦૯/૦૫/૨૦૧૭.
(૬) અરજદાર મજકુરની ટ્રાફિક સેલ/આરટીઆઈ/પ્રથમઅપીલ ઈનવર્ડ.નં. ૦૩, તા.૧૩/૦૬/૨૦૧૭.
(૭)પ્રથમ અપીલ અંગે અપીલ અધિકારીએ મંગાવેલ પૂર્તતા રીપોર્ટ પત્ર નં. ટ્રાફિક સેલ/અઉટ/નં.૪૦૫, તા.૨૧/૦૬/૨૦૧૭.
(૮) અપીલ અધિકારી તરફથી અરજદાર તથા સંબંધિત જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરને તા.૨૯/૦૬/૨૦૧૭ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા મોકલેલ પત્ર નં. ટ્રાફિક સેલ/આરટીઆઈ/આ.નં. ૨૫, તા.૨૧/૦૬/૨૦૧૭.

ઉપરોકત વિષયે તથા સંદર્ભે જણાવવાનું કે, અરજદાર શ્રી મુકેશ ગણપતલાલ રાણાની સંદર્ભ ૦૧ અને સંદર્ભ ૦૨ મુજબની માહિતી માંગતી અરજી આઈડી નં.૧૦૪, તા.૧૯/૦૪/૨૦૧૭ તબદીલ થઈ અત્રેના ખાતામાં સંદર્ભ–૦૩ મુજબ મળેલ હતી. જે અન્વયે સંબંધિત જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર તરફથી અરજદાર મજકુરને નિયત સમયમર્યાદામાં જવાબ સંદર્ભ–૪ થી મોકલી આપેલ હતી. તેનાથી નારાજ થઈ અરજદાર મજકુરે પ્રથમ અપીલ અરજી કરેલ છે. જે સંદર્ભ–૫ થી તબદીલ થયેલ અરજી અત્રેના ખાતામાં સંદર્ભ–૬ થી નોંધાયેલ છે. સંદર્ભ–૭ થી સંબંધિત જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરનો પૂર્તતા રીપોર્ટ મંગાવવામાં આવેલ. સંદર્ભ–૮ મુજબ તા.૨૯/૦૬/૨૦૧૭ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર સમક્ષ અરજદારને તેમની રજુઆત અને તેમનો પક્ષ સાંભળવા મૂળ અરજીની નકલ સહ ઉપસ્થિત રહેવા જણાવેલ, પરંતુ અરજદાર હાજર રહેલ ન હતા.

આમ તમામ સંદર્ભ/હકીકત ધ્યાને લેતાં અરજદારની પ્રથમ અપીલ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

અરજદાર શ્રી મુકેશ ગણપતલાલ રાણાની માહિતી માંગતી આઈડી અરજી નં.૧૦૪, તા.૧૯/૦૪/૨૦૧૭ અન્વયે અરજદારને તેમની માંગણી મુજબની ઉપલબ્ધ રેકર્ડ/માહિતી નિયત સમયમર્યાદામાં મળી ગયેલ છે. તેમ છતાં તા. ૦૯/૦૫/૨૦૧૭ ના રોજ અરજદાર મજકુરે દિન–૩૦ પૂરા થતા પહેલા પ્રથમ અપીલ અરજી કરી દીધેલ હોવાનું સ્વયં સ્પષ્ટ છે, વધુમાં અરજદારને તા.૨૯/૦૬/૨૦૧૭ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે અપીલ અધિકારી સમક્ષ રજુઆત તથા તેમનો પક્ષ સાંભળવા મૂળ અરજીની નકલ સહ ઉપસ્થિત રહેવા જણાવેલ પરંતુ અરજદાર હાજર રહેલ ન હતા. તેમ છતાંપણ જો તેઓને આ મળેલ માહિતી/જવાબ બાબતે જો કોઈ અસંતોષ હોય કે કોઈ માહિતી ખૂટતી જણાય તો તેઓને આ હુકમ મળ્યેથી દિન–૦૭ માં ટ્રાફિક સેલના સંબંધિત જાહેર માહિતી અધિકારીને રૂબરૂ મળી મેળવી લેવાની રહેશે અને અરજદારની આવી કોઈ માંગણી મળ્યેથી સંબંધિત જાહેર માહિતી અધિકારીએ તેઓની માંગણી યોગ્ય જણાયે ગ્રાહય રાખી તે મુજબ માહિતી પુરી પાડવાની રહેશે.

જો અરજદારને માહિતીથી અસંતોષ હોય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯ ના પેટા નિયમ–(૧) હેઠળ અપીલ સત્તાધિકારીનો હુકમ મળ્યાની તારીખથી ૯૦ (નેવું) દિવસની અંદર અપીલ સત્તાધિકારી, ગુજરાત રાજય માહિતી અધિકાર આયોગ કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને બીજી અપીલ કરી શકશે. આ સાથે અરજદાર શ્રી મુકેશ ગણપતલાલ રાણાની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર
ટ્રાફિક સેલ

ટ્રાફિક સેલ/પ્રથમ અપીલ/હુકમ/ આ.નં./૩૯
તા.૦૭/૦૯/૨૦૧૭

અરજદાર :– શ્રી ધામેલીયા રાધિકકુમાર જે.
સામાવાળાઃ– શ્રી જે.ડી.રાવલ, જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર ટ્રાફિક સેલ.

**<u>ફરીયાદની હકીકત :</u>**

**<u>વિષય :–</u>** માહિતી અધિકારી અધિનિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી ધામેલીયા રાધિકકુમાર જે.,ની આઈ.ડી.નં.૪૯૩, તા.૦૭/૦૭/૨૦૧૭ અનવયે કરેલ પ્રથમ અપીલ અરજી બાબત.

| | | |
|---|---|---|
| **સંદર્ભ :–** | (૧) | અરજદારની આઈ.ડી.નં.૪૯૩, તા. ૦૭/૦૭/૨૦૧૭ નાં રોજની મૂળ અરજી. |
| | (૨) | જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ઈસ્ટ ઝોન (વરાછા)નો તબદીલ થઈને અત્રે મળેલ પત્ર નં.૧૨૭૬, તા.૧૩/૦૭/૧૭ |
| | (૩) | જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેર ધ્વારા અરજદારને પાઠવેલ જવાબનો પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૩૩, તા. ૨૭/૦૭/૨૦૧૭ (નમૂનો–ગ) |
| | (૪) | અરજદારની તા.૦૪/૦૮/૨૦૧૭ ના રોજની પ્રથમ અપીલ અરજી . |
| | (૫) | ટ્રાફિક સેલ ઈનવર્ડ નં–૪૪, તા.૧૦/૦૮/૨૦૧૭ થી મળેલ પ્રથમ અપીલ અરજી |
| | (૬) | અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર ધ્વારા અરજદારને અપીલની સુનાવણી માટે બોલાવેલ પત્ર નં ટ્રાફિક સેલ આઉટવર્ડ નં/૩૮, તા.૨૮/૦૮/૨૦૧૭ |

ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે અરજદારશ્રી શ્રી ધામેલીયા રાધિકકુમાર જે. ની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૪૯૩, તા.૦૭/૦૭/૨૦૧૭ અન્વયે સંદર્ભ–૪ થી કરેલ પ્રથમ અપીલ અરજી ટ્રાફિક સેલ ઈનવર્ડ નં–૪૪, તા.૧૦/૦૮/૨૦૧૭ થી ટ્રાફિક સેલ વિભાગને મળેલ, જે અન્વયે સંદર્ભ–૬ થી આ પ્રથમ અપીલ અરજી ની સુનાવણી માટે અરજદાર તથા સંબંધિત જાહેર માહિતી અધિકારીને રૂબરૂ હાજર રહેવા જણાવેલ.

તા.૦૪/૦૯/૨૦૧૭ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે રાખવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અપીલ અધિકારી સમક્ષ અરજદાર હાજર રહેલ નથી.અન્યથા અરજદારે તેમની ગેરહાજરી અંગે કોઈ લેખિત કે મૌખિક જાણ અત્રે કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી સુનાવણીમાં હાજર રહી પ્રથમ અપીલ અરજી અંગે ટ્રાફિક સેલને લાગત મુદા નં– ૪ અને ૫ ની માહિતી અરજદારને સંદર્ભ–૩ થી પૂરી પાડવામાં આવેલ છે,જયારે અરજદારની પ્રથમ અપીલ અરજી (નમૂનો–ચ) નાં મુદા નં–૮ (ખ) જાહેર માહિતી અધિકારીના તા.૧૮/૦૭/૧૭ ના પત્રની માહિતીથી નારાજ થઈ પ્રથમ અપીલ કરેલ છે.જે ધ્યાને લેતાં સદર તા.૧૮/૦૭/૧૭ નો પત્ર પૂર્વઝોન (વરાછા) નો હોય પ્રથમ અપીલ અરજીમાં દર્શાવેલ મુદો/માહિતી અંગે અત્રેના વિભાગ ધ્વારા કોઈ માહિતી પૂરી પાડવાનો પ્રશ્ન રહેતો નથી, તેવી રજુઆત કરેલ છે.

**<u>હુકમ</u>**

અરજદાર શ્રી ધામેલીયા રાધિકકુમાર જે.ની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૪૯૩, તા. ૦૭/૦૭/૨૦૧૭ અન્વયે પ્રથમ અપીલ અરજી સંદર્ભે તા.૦૪/૦૯/૨૦૧૭નાં રોજ બંને પક્ષકારોની રાખવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદાર હાજર રહેલ નથી.જયારે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની રજુઆત ધ્યાને લેતા અપીલ અરજીમાં અરજદારે માંગેલ માહિતી ટ્રાફિક સેલને લાગતી ન હોય અરજદારને કોઈ માહિતી પૂરી પાડવાની રહેતી નથી. આ સાથે અરજદાર શ્રી ધામેલીયા રાધિકકુમાર જે.ની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે

જો અરજદારને માહિતીથી અસંતોષ હોય તો,માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯ ના પેટા નિયમ–૧ હેઠળ અપીલ સતાધિકારીનો હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦માં મુખ્ય માહિતી કમિશ્નર, ગુજરાત રાજય માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજયકક્ષાની કચેરીઓ, બ્લોક નં.–૧, બીજો માળ, નિર્માણભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને બીજી અપીલ કરી શકશો.

(ડી.એ.હરપ્લાની)
અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેરશ્રી
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા